
# અંબાજી મંદિરમાં સોનાનું ગુપ્ત દાન

સુવર્ણ અંબાજી મંદિરમાં સોના ચાંદીનો અવિરત દાનનો પ્રવાહ વહી રહ્યો છે. અનેક માઈ ભક્તો સોના ચાંદીના દાગીના સહિત રોકડ



રકમનું દાન કરતા હોય છે અને માતાજીના આશીર્વાદ મેળવતા હોય છે.ત્યારે મંદિરમાં રાજકોટના એક માઈભક્તે સોનાનું ગુપ્ત દાન કર્યું હતું.જેમાં સોનાની લગડી ૯ (વજન ૫૫૮ ગ્રામ) છે. જેની કુલ કિંમત ૩૩.૪૮ લાખ રૂપિયા છે.પરંતુ માઈભક્તે પોતાનું નામ ગુપ્ત રાખવાનો આગ્રહ કર્યો હતો.



તલોદ તાલુકામાં આવેલ આંત્રોલી વાસ દોલજી ગામે મારાં ગામે ૭૭ સ્વતંત્ર દિવસ ની ઉજવણી કરાઈ તેમાં ધ્વજ ફરકાવાનો મને? શુભ અવસર મળ્યો અને આયુર્વેદિક ઉકાળાનો વિતરણ પણ કરવામાં આવ્યું તેમાં નવી નિયુક્ત કરવા માં આવેલ તલોદ તાલુકા મહિલા મોરચા પ્રમુખ માનસી બેન દેસાઈ, તખુભા પરમાર એસોસિયન ની ટીમ, આચાર્યશ્રી, શિક્ષકગણ, ગામ માંથી આવેલ વડીલો તેમજ બાળકો હાજર રહ્યા હતા

# પ્રાંતિજ કારેશ્વર મહાદેવ મંદિર ખાતે અન્નકુટ ભરવામાં આવ્યો



પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ શ્રી કારેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી કુષ્ણ પુરૂષોત્તમ ભગવાનનો અન્નકુટ ભરવામા આવ્યો હતો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ કારેશ્વર મહાદેવ મંદિર ખાતે અધિકમાસ ને લઈ ને ગોપી મંડળ દ્વારા આખો અધિકમાસ ભજન-કિર્તન સહિત ના કાર્યક્રમો યોજાયા હતા અને અમાસ ના છેલ્લા દિવસે મંદિર ખાતે શ્રી કૃષ્ણ પુરૂષોત્તમ ભગવાન નો અન્નકુટ ભરવામા આવ્યો હતો તો ગોપી મંડળ ની બહેનો સહિત રેલ્વેસ્ટેશન વિસ્તારમા રહેતી મહિલાઓ મોટી સંખ્યામાંઉપસ્થિત રહી હતી તો ચંદ્રિકાબેન પટેલ , વર્ષાબેન રાવલ , ચંદ્રિકાબેન રાવલ, સંગીતાબેન પંચાલ, સરોજ બેન ભાવસાર સહિત ની મહિલાઓ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરમાં સામાન્ય જ્ઞાન ક્વિઝનું આયોજન



પાલનપુર તા. ૧૭

બનાસકાંઠા ડીસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર ની સોસાયટી ફોર બડીંગ બાયોલિજીસ્ટ દ્વારા તા ૧૧ ઑગસ્ટ નાં રોજ સામાન્ય જ્ઞાન ઓપન ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું કે જેમાં મોટી સંખ્યામાં સાયન્સ તથા કોમર્સના વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુરનો અહેવાલ જણાવે છે કે , કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલ સામન્ય જ્ઞાનને વેગ આપવાનો હતો .જેથી વિદ્યાર્થીઓ આવનારા સમય માં સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરીને ઉત્તીર્ણ થઈ શકે. કાર્યક્રમની શરુઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. ક્વિઝ દરમિયાન ભૌતિકશાસ્ત્ર વિભાગના નટુભાઈ સથવારા એ નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપ્યા. કાર્યક્રમના અંતે સમૂહ રાષ્ટ્રગીત પણ થયું. સમગ્ર કાર્યક્રમમાં ટી. વાય. બોટની ના વિદ્યાર્થીઓએ વ્યવસ્થા જાળવવામાં ખૂબ મદદરૂપ થયા. સમગ્ર કાર્યક્રમ સમગ્ર કાર્યક્રમ નું આયોજન અને સંચાલન બોટની વિભાગ ના પ્રાધ્યાપકો ડૉ. ધ્રુવ પંડ્યા, ડૉ. હરેશ ગોંડલિયા, કુ. અંકિતા કુગશિયા તથા બિન શૈક્ષણીક સ્ટાફમાંથી વિક્રમભાઈ દ્વારા કરવામાં આવ્યું.

# બનાસકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી યોજાઈ: ચેરમેન બદલ્યા, વાઈસ ચેરમેન રીપિટ થયા

પાલનપુર તા. ૧૭

બનાસકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘ ની ચૂંટણી યોજાઈ હતી. આગામી અઢી વર્ષ ની મુદત માટેની ચૂંટણીમાં ચેરમેનને બદલવામાં આવ્યા હતા.જ્યારે વાઈસ ચેરમેનને રિપિટ કરવામાં આવ્યા હતા. બનાસકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘની આજે ચૂંટણી યોજાઈ હતી. અઢી વર્ષની મુદત માટેની આ ચૂંટણીમાં અનેક સહકારી આગેવાનોની નજર હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,આગામી સમયમાં જ્યારે લોકસભા, તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણી આવી રહી છે ત્યારે જિલ્લા સંઘ ની ચૂંટણીમાં ચેરમેન પદે કોણ આવે છે તેના ઉપર સૌ સહકારી માળખાના આગેવાનોની નજર હતી. ત્યારે





આજે જિલ્લા ખરીદ વેચાણ સંઘ કાર્યાલય ખાતે ચૂંટણી અધિકારીનાં અધ્યક્ષ સ્થાને ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ દ્વારા બાબરાભાઈ ચૌધરી ને મેન્ડેડ આપતાં તેમની સર્વાનુમતે વરણી કરાઈ હતી. જ્યારે વાઈસ ચેરમેન પદે ખેતા ભાઈ દેસાઈને રીપીટ કરવામાં આવ્યા હતા. બાબરા ભાઈ ચૌધરી અગાઉ જિલ્લા શિક્ષણ સમિતિનાં ચેરમેન રહી ચૂક્યા છે.લાખની ભાજપ પ્રમુખ પણ રહી ચૂક્યા છે.બાબરા ભાઈ સહકારી માળખામાં સારું પ્રભુત્વ ધરાવે છે ત્યારે આગામી આવનારી ચૂંટણીઓ ને ધ્યાને રાખી તેમની ચેરમેન તરીકે વરણી કરાઈ છે.ચૂંટણીમાં માં વર્તમાન ચેરમેન પદે દેવજીભાઈ પટેલ ચાલુ હતા ત્યારે અઢી વર્ષની મુદત પૂરી થતા ફરીવાર ચૂંટણી યોજતા તેમને રીપીટ કરવામાં નહોતા આવ્યા. અને તેમની જગ્યાએ નવા ચેરમેન તરીકે બાબરાભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી . અને વાઈસ ચેરમેન તરીકે ખેતાભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરાતા મોટી સંખ્યામાં સમર્થકો તેમજ બોર્ડ ડિરેક્ટરો એ ફૂલહાર પહેરાવી શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે કાર્યરત કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કુલ ખાતે ૧૫ મી ઓગસ્ટ ને લઈ ને દરવર્ષ ની જેમ સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામા આવી હતી જેમા નિવૃત્ત શિક્ષક અને પ્રાંતિજ તાલુકા નિવૃત કર્મચારી મંડળના સહમંત્રી તથા સિનીયર સિટીઝન મંડળ ના અગ્રણી રાવલ અરવિંદભાઈ દિનકરરાય ના હસ્તે ધ્વજવંદન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે સંસ્થાના મંત્રી રઈશભાઈ કસ્બાતી, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ , સહિત



તમામ વિભાગ ના આચાર્યો તથા શિક્ષકો વિધાર્થીઓ મોટી સંખ્યામાંષઉપસ્થિત રહ્યા હતા અને તિરંગા ને સલામી આપી હતી.











## ત્રિપદા પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

ગાયત્રી શક્તિપીઠ-બાયડ સંચાલિત ત્રિપદા પ્રાથમિક શાળામાં ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી પ્રસંગે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ સાહેલી પ્રમુખ નિમિષા શૈલેષકુમાર ભાટીયાએ ઐતિહાસિક ધ્વજ વંદન કર્યું હતું. કાર્યક્રમની શરુઆતમાં ગાયત્રી શક્તિપીઠ- બાયડના સંચાલક ભરતભાઈ ઉપાધ્યાય દ્વારા ઉપસ્થિત સર્વેને આવકાર્યા હતા. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીત, વક્તવ્ય સહિતના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌ મહેમાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડના પ્રમુખ શૈલેષ ભાટીયા, પૂર્વ પ્રમુખ ડૉ.એમ.બી.પટેલ, ફેડરેશન ઓફીસર કુમુદચંદ્ર ભાવસાર, યુનિટ ડાયરેક્ટર ગીરીશભાઈ પટેલ, સાહેલી મંત્રી હિરલ ભાવસાર, ધાર્વિ ભાટીયા, ચેતનાબેન પટેલ, જાયન્ટ્સ ગૃપ મંત્રી રમેશભાઈ પટેલ, પ્રિતમભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, પંકજ પ્રજાપતિ, સુજલ ભાટીયા, વિનુભાઈ પટેલ અને સાહેલી ગૃપના સભ્યો સહિત ગાયત્રી પરિજનો, આમંત્રિતો, વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય પંકજભાઈ પટેલ અને સ્ટાફના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પુંસરી ખાતે ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અને સેવ સોઈલ અંગે વાર્તાલાપ કર્યો

તલોદ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુંસરી ગામે 'પ્રાકૃતિક ખેતી અને સેવ સોઈલ' પરિસંવાદ યોજાયો હતો, જેમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ કૃષિકારો સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જિલ્લાના ખેડૂત સાથે વાર્તાલાપ કરી ખેડૂતોના અનુભવોની વિગતો મેળવી હતી. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહીં તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુક્ત બન્યા છે, જેની નાગરિકોના સ્વાસ્થ્ય ઉપર વ્યાપક અસરો થતાં કેન્સર, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીઓનું પ્રમાણ સમાજમાં વધ્યું છે. મનુષ્યની સાથે પશુઓમાં પણ કેન્સર જેવા રોગ જોવા મળે છે. કમોસમી વરસાદ, ગ્લોબલ વોર્મિંગનું કારણ પણ રાસાયણિક ખાતર છે. જળવાયુ પરિવર્તનના પડકારો સામે ભારત વર્ષની જમીન, નાગરિકોનું આરોગ્ય, પાણી, પર્યાવરણ અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ જ બચાવી શકશે. પ્રાકૃતિક કૃષિએ ધાર્મિક ભાવ નહી, પરંતુ શુદ્ધ વિજ્ઞાન છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેત પદ્ધતિથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનમાં ઘટાડો થાય છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા વપરાશને પરિણામે જમીન બિનઉપજાઊ બની રહી છે. રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ઘટી છે, એટલું જ નહીં તેમાંથી ઉત્પન્ન થતા ધાન્યો પણ ઝેરયુક્ત બન્યા છે. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને ઓર્ગેનિક ( જૈવિક) ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો ભેદ સમજાવ્યો. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીનમાં જીવાણું, અળસિયા અને મિત્ર જીવ અસંખ્ય સંખ્યામાં જોવા મળે છે. જેને કારણે જમીનના ઓર્ગેનિક કાર્બનમાં વધારો થાય છે અને જમીન ઉપજાઊ અને ફળદ્રુપ બને છે, એવું દ્રષ્ટાંતો





સહિત રાજ્યપાલશ્રીએ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા રાજ્યના તમામ તાલુકાઓમાં દસ ગામ દીઠ એક ક્લસ્ટર બનાવી પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ રહી છે. આત્માના અધિકારીઓ અને ખેડૂતો દ્વારા તાલીમ આપવાની કામગીરી કરાઈ રહી છે . રાજ્યમાં મોટી સંખ્યામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્યભરમાં માસ્ટર ટ્રેઈનર તૈયાર થઈ રહ્યા છે. જેઓ ગામડાઓમાં જઈને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, જીવામૃત, ઘનજીવામૃત બનાવવા અંગે ખેડૂતોને તાલીમબદ્ધ કરી રહ્યા છે. રાજ્યપાલશ્રીએ માનવતા અને જીવ કલ્યાણ માટે આરંભાયેલા પ્રાકૃતિક કૃષિ અભિયાનમાં સૌ ખેડૂતોને આધુનિક ટેકનોલોજીના વિનિયોગ સાથે જોડાઈ ધરતી માતા અને કૃષિપેદાશોને ઝેરમુક્ત બનાવવા હાકલ કરી હતી. ગુજરાત આજે તમામ ક્ષેત્રે આગળ વધી દેશને દિશા દર્શન કરી રહ્યું છે, તેમ જણાવતાં રાજ્યપાલે કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાતને સમગ્ર દેશમાં રોલ મોડલ બનાવવામાં આવશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે શિરમોર બની દેશના ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટેનું પ્રેરક બનશે એવો વિશ્વાસ રાજ્યપાલએ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં અન્ન નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર એન.એન. દવે, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, પૂર્વ સરપંચ હિમાંશુભાઈ પટેલ, સિદ્ધાર્થભાઈ પટેલ, સંત સત્યજીત મુનિ બ્રહ્માકુમારીની બહેનો જિલ્લા ખેતીવાડી અધિકારી અને આત્મા પ્રોજેક્ટ નિયામક વી.કે.પટેલ , જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજીની ત્રિસુલીયા ઘાટીમાં બાઈક સ્લીપ ખાતા ચાલક ઘવાયો

દાંતા, તા. ૧૭

દાંતા તાલુકામાં મોટા ભાગના હાઈવે માર્ગો પહાડી અને ઢોળાવવાળા હોવાના કારણે અવાર નવાર અકસ્માતો સર્જાતા હોય છે.ત્યારે ગઈકાલે સાંજે અંબાજી નજીક વધુ એક અકસ્માતની ઘટના બની છે.જેમાં અંબાજી- દાંતા હાઈવે માર્ગ પર બાઈક સવારને અંબાજી નજીક આવેલ ત્રિસુલિયા ઘાટીમાં અકસ્માત નડ્યો હતો. અંબાજી દાંતા હાઈવે માર્ગ પર આવેલા ત્રીસુલિયા ઘાટી પર આવેલા અંબા માતા મંદિર પાસે બમ્પ



ઉપર બાઈક સવારનું સ્ટેયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ત્રિસુલિયા ઘાટીમાં ડિવાઈડર ઉપર પછડાતા ચાલકને માથાના ભાગે ઈજા પહોંચી હતી. ત્યારે ઈમરજન્સી ૧૦૮ નો સંપર્ક કરતા બાઈક સવારને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. દાંતા પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ વૃધ્ધાશ્રમ ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ



પ્રાંતિજ તા.૧૭

સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી ભારતસભરમાં કરવામાં આવી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ વૃધ્ધાશ્રમ માં પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વૃધ્ધાશ્રમ ખાતે પણ વૃધ્ધાશ્રમ ના સંચાલક વિભાષભાઈ દ્વારા દર વર્ષ ની જેમ આ વખતે પણ ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વૃધ્ધાશ્રમ માં રહેતાં એકસ આર્મી હરજીભાઈ મોથલીયા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું તો વૃધ્ધાશ્રમ ના વૃધ્ધો દ્વારા તિરંગા ને સલામી આપી હતી અને દેશ ભકિત ના ગીતો ગાઈ ને દેશભકિત ના રંગમા રગાયા હતા અને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી હતી.

# ધાનેરામાં પોલીસ દ્વારા તિરંગા યાત્રા રેલી...

ધાનેરા તા.૧૭

દેશભર મા મેરી માટી મેરા દેશ ૯ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ સુધી દેશભરમાં ચલાવવામાં આવશે જેમાં ભારત ભરમાં અલગ-અલગ સ્થળોએ શહીદોના સન્માન માટે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગયા વર્ષે ૧૫ ઓગસ્ટે હર ઘર તિરંગા જેવા અભિયાનને સફળ બનાવ્યું હતું .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે,આ વર્ષે પણ આવું



અભિયાન શરૂ કરવામાં આવશે જેના કારણે આપણને આઝાદી અપાવવામાં બહાદુર શહીદોએ આપેલા બલિદાનને આપણે બધા યાદ રહે તે માટે દેશભર મા આયોજનો થઈ રયા છે. ધાનેરા મા પણ પોલીસ સ્ટાફ દ્વારા તિરંગા રેલી ધાનેરા પી.આઈ એ.ટી.પટેલ ની આગેવાની હેઠળ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યા મા પોલીસ હોમગાર્ડ અને સ્કાઉટ એન.સી. સી સ્કૂલ નાં બાળકો જોડાયા હતા આમ ધાનેરા માં વિશાળ રેલી યોજી લોકોએ આનંદ અનુભવ્યો હતો અને રાષ્ટ ભક્તિ નો માહોલ જોવા મળ્યો હતો.

# હર ઘર તિરંગા હેઠળ પાલનપુરના લોકોએ પોતાના ઘર પર તિરંગો લહેરાવ્યો...

પાલનપુર તા.૧૭

આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના



નેતૃત્વમાં દેશપ્રેમના વિચારને તમામ ભારતીય જનતા એ આઝાદીના અમૃત મહોત્સવના સુવર્ણ કાળ દરમ્યાન આ અંગે હર ઘર તિરંગા અભ્યાનને સાર્થક કરવા દેશપ્રેમના રંગ માં રંગાઈ ગયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરના માનસરોવર રોડ ઉપર આવેલ ભાગ્યોદય સોસાયટીમાં રહેતા શહેરીજનોએ વિદ્યાર્થીઓએ પોતાના ઘર ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવી ભારત માતા કી જય ના નાદ સાથે સ્વતંત્ર દિનની ઉજવણી કરી હતી.

# તલોદ, વિવેકાનંદ ઈંગ્લિશ સ્કૂલમાં ૭૭માં સ્વતંત્રતા દિનની ઉજવણી કરાઈ



તલોદ, તા. ૧૭

વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ સ્કૂલમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નૃત્ય, નાટક, વકતૃત્વ અને દેશભક્તિ ગીતોમાં સૌ તરબોળ થઈ ગયાં હતાં. મુખ્ય મહેમાન તરીકે શાળાના ટ્રસ્ટીશ્રી જયંતીભાઈ પટેલ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. અન્ય મહેમાન નિલેશભાઈ પટેલ અને આચાર્ય શ્રી ડૉ. કૌશલ સોરઠીયા ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ જેવી કે કવિઝ કોમ્પિટિશન અને હેન્ડ્રઈટિંગ કોમ્પિટિશન માટે પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'પ્લે બેઝડ લર્નિંગ' કાર્યક્રમ અંતર્ગત મોડ્યુલ્સ બનાવી રજૂ કર્યા હતાં. તેમજ 'મારી માટી મારો દેશ' અંતર્ગત જી.૨૦ અને રાષ્ટ્રને લગતાં ચિત્રો બનાવ્યાં હતાં. સંપૂર્ણ કાર્યક્રમ શિક્ષકગણનાં નેતૃત્વ હેઠળ યોજાયો હતો. તેમજ દરેક વાલીએ પોતાનાં બાળકનો ઉત્સાહ અને ક્ષમતા જોઈ આંનદની લાગણી વ્યક્તિ કરી હતી.



મોડાસા તાલુકા કક્ષાની ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સરડોઈ એ.એમ.શાહ હાઈસ્કૂલમાં મોડાસા મામલતદાર મિત્તેલ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની રંગારંગ ઉજવણીમાં મિત્તલ પટેલે ધ્વજવંદન કરી ત્રિરંગાને સલામી આપી હતી તાલુકામાં સેવાકીય કાર્યો કરનારને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તાલુકા કક્ષાની ઉજવણીમાં સરડોઈ સહીત આજુબાજુના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા દેશભક્તિના ગીત-સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી પંથકમાં દેશભક્તિની સુરાવલી જોવા મળી હતી